**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના**
**મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ**
**એસોસિએશનને મંજુરી આપવા બાબત.**

**ગુજરા સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૨૦૦૨-૧૩૩૭-અ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ 24 MAR 2003**

વંચાલે લીધાઃ (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૩-૯-૨૦૦૨ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૨૦૦૨-૯૭૧-અ

ઠરાવઃ-

આ વિભાગના ઉપર ઉલ્લેખાયેલા તા. ૧૩-૯-૨૦૦૨ ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડનું નિગમમાં રુપાંતર કરતાં હુકમો કરવામાં આવ્યા છે. આ હુકમોના પરિચ્છેદ-(૧) અને (૨) માં જણાવ્યા મુજબ નિગમના મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશનની વિધિવત નોંધણી ભારતીય કંપની અધિનિયમ ૧૯૫૬ અન્વયે કરવાની રહે છે. આથી આ સંદર્ભમાં તૈયાર કરવામાં આવેલ અને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડ તરફથી સરકારની મંજુરી માટે રજૂ કરાયેલ મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશનને આ સાથે સુધાર્યા મુજબ સરકારની મંજુરી આપવામાં આવે છે.(મુળ પ્રત સુધારા/વધારા સાથે પરત કરવાની રહેશે )

૨. આ જોગવાઈઓના અનુસંધાને પ્રથમ તબકકે સબસ્ક્રાઈબર તરીકે બોર્ડમાં ફરજ બજાવતા બોર્ડના સચિવ સહિત સરકારી સભ્યોને આ કંપનીના ફર્સ્ટ ડાયરેકટર અને શેરહોલ્ડર તરીકે અધિકૃત કરવામાં આવે છે. આ સભ્યોના નામ અંગેની વિગતો સબ આર્ટીકલ્સ ઓફ એસોસિએશનની સબંધકર્તા કલમની જોગવાઈ મુજબ આ સભ્યો/શેરહોલ્ડરોના નામ સરનામા સહિતની વિગતો ભરી આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

૩. આ સરકારી સભ્યોએ નોંધણી માટે પોતાની સહીથી સંમતિ આપવાની રહેશે. અને તેઓને કંપનીના પ્રથમ સર્ટીફીકેટ આપવાના થશે. આર્ટીકલ્સ ઓફ એસોસિએશનની આ જોગવાઈઓમાં જો કોઈ આનુષાંગિક સુધારાની જરુર જણાશે તો ભારતીય કંપનીના ધારાધોરણની જોગવાઈઓને અનુલક્ષીને રજીસ્ટ્રાર ઓફ કંપની યોગ્ય તે સુધારા સૂચવી શકશે અને જરુરી નોંધણી કરશે. નોંધણીની કાર્યવાહી પૂરી થયા બાદ આ અંગેની વિગતો (મેમોરન્ડમ વગેરેની નકલો) નિયમાનુસાર રજુ કરીને પૂરી પાડવાની રહેશે. અને તેઓના ધારા-ધોરણો

અનુસાર લઘુતમ ફંડ વગેરે જાળવવાનું રહેશે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું આવું સર્ટિફીકેટ મેળવ્યા બાદજ નાણાકીય ધિરાણ વિગેરેની આનુંષાંગિક કાર્યવાહી નિગમ કરી શકશે.

૪. સચિવશ્રી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડ એ આ અંગે જરુરી આનુષાંગિક કાર્યવાહી હાથ ધરી તે અંગેની જાણ સરકારને કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર
સબંધકર્તા અધિકારીશ્રીઓ (સબંધકર્તા વિભાગ મારફતે)
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ગાંધીનગર.
સચિવશ્રી ગુજરાત ઠાકોર કોળી વિકાસ બોર્ડ (સૂચિત નિગમ)ગાંધીનગર. તરફ આનુષાંગિક કાર્યવાહી અર્થે તેમના તા. ૨૦-૧૧-૨૦૦૨ ના પત્ર સાથે મળેલ ડ્રાફટ મેમોરેન્ડમ/આર્ટીકલ્સની મૂળ નકલ જરુરી સુધારા વધારા સાથે મોકલવામાં આવે છે.
વિભાગની અ.૧/જ/ગ/ઈ/ બજેટ/રોકડ શાખા.
સિલેકટ ફાઈલ.

સીએચએચ૨૮૬/૮૭